દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સામયિક

FREE DISTRIBUTION

DATE : 7-FEBRUARY-2019
THURSDAY
TOTAL PAGES : 4
RNI No : GUJGUJ/2016/71456

www.gyanvrudhi.info

# જ્ઞાનવૃદ્ધિ

## ન જાણતા હોવ તો જાણો, જાણતા હોવ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરો

GYAN VRUDHI : WEEKLY, EDITOR & PUBLISHER : HEMANT YOGESHBHAI JOSHI, YEAR : 3, VOLUME : 1, ISSUE : 57.

### ગુરૂ સંદેશ

**સત્ય એ જીવનનો પાયો છે**

મહાનપુરુષો ને શાસ્ત્રોને આધારે જે બોલાય તે સત્ય.
જે બોલવાથી પોતાનું ને પારકું બંધન છૂટે, બીજાને પણ લાભ કરે તે હિતકારી ને જે બોલવાથી બીજાને સુખનો અનુભવ થાય તે પ્રિય.
સત્ય, હિત અને પ્રિય વાણી બોલવી.
અસત્ય બોલે તેની માનસિક શક્તિ ઘટી જાય છે.
અસત્ય બોલે તેનું મન બહુ નિર્બળ હોય છે.
પછી એ શરીરથી ય ને વિચારોથી ય
માંયકાંગલો મટે નહીં.
સત્ય એ જીવનનો પાયો છે.

- પ.પૂ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.

આ માહિતીસભર સામયિક વિનામુલ્યે આપને મળ્યું હોવાથી તેને ધ્યાનથી વાંચશો. આ માહિતીસભર સામયિકમાંથી જો તમે શીખી લીધુ હોય અને તમારા માટે નકામી હોય તો તેને પસ્તીમાં કે કચરામાં કે ફાડી ન દેતા, એવા વ્યક્તિને આપજો કે જે આ પુસ્તિકાનો ઉપયોગ કરી શીખી શકે.

### તંત્રીસ્થાનેથી...

અમને આપ સૌ વાચકોને જણાવતાં આનંદ થાય છે કે 'જ્ઞાનવૃદ્ધિ' નામનુ આ સામયિક સર્વેને ઉપયોગી રહેશે અને દિન-પ્રતિદિન આવતી નવી માહિતીઓ, સમાચારો અને જાહેરાતો દ્વારા તમને માહિતગાર કરતુ રહેશે.

આ પુસ્તિકામાં જ્ઞાન અને બુદ્ધિ વધે તેવા કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, આરોગ્ય તથા એન્જીનીયરીંગ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી માહિતીનો સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પુસ્તિકામાં ૨૫(પચીસ)થી પણ વધારે આવરી લેવાતા મલ્ટીમીડિયા રીલેટેડ સોફ્ટવેરનું માર્ગદર્શન આપવામાં આવશે જેમાં બધા જ પાના રંગીન હોવાના કારણે સરળતાથી સમજી શકાશે.

આજના યુગમાં ધંધા તથા વ્યવસાયની પરિભાષા બદલાઈ રહી છે. ઓફલાઈનથી માંડી ઓનલાઈન પર પણ ખરીદારો અને વ્યાપારીઓ ફંટાઈ રહ્યા છે, તેવામાં ઓનલાઈન ધંધા-વ્યવસાયની માહિતી કેવી રીતે મેળવવી અને મેનેજમેન્ટ કેવી રીતે કરવું, અને જે ધંધો કે વ્યવસાય કરો તેના કાયદા શું છે અને તેમાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર કેવી રીતે મદદરૂપ થાય છે તેની માહિતીનો સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવશે જે તમને ધંધા-વ્યવસાય કરવામાં મદદરૂપ રહેશે.

- હેમંત યો. જોષી.


રૂપિયા કમાવાનો નવો માર્ગ...

www.rupiyakamao.com

**સભ્યપદ વિનામૂલ્યે**

ગુજરાતી ભાષામાં જનરલ નોલેજની ક્વિઝ રમો, સરળ પ્રશ્નોનાં અન્ય કરતા વહેલા જવાબ આપો અને રોજ ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- થી લઈને રૂા. ૨૪૦/- કમાવાની તક.

www.rupiyakamao.com

www. rupiyakamao .com માં આવેલ e-store દ્વારા વિવિધ વસ્તુઓનું વેચાણ કરો અને રૂપિયા કમાઓ. આ e-store માં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, વિવિધ બ્રાન્ડના મોબાઈલ તથા એસેસરીઝ, રેડીમેડ ગારમેન્ટ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ, કોસ્મેટીક્સ અને શૃંગારની આઈટમ્સ, ઘડિયાળો, બુક્સ, ફર્નિચર, ક્રોકરી આઈટમ્સ, હોમ એપ્લાયન્સીસ, ડેકોરેટીવ ઝુમ્મર નું વેચાણ કરી રૂપિયા કમાઈ શકશો.


પાના નં. ૨ પર

બોર્ડની પરીક્ષાઓ વખતે વિદ્યાર્થીઓમાં ચિંતા અને તણાવ કેવી રીતે ઓછા કરી શકાય ?

વધુ વાંચો પાના નં : ૨ પર...

બેંકની શરૂઆત કેવી રીતે થઈ તેનો દિલચસ્પ ઈતિહાસ...

વધુ વાંચો પાના નં : ૨ પર...

પાના નં. ૨ પર

નવીન વાહનની ખરીદી પર વાહન માલિક પોતાની પસંદગીની વીમા કંપની પાસેથી વીમો લઇ શકશે : વાહન વ્યવહાર કમિશનરશ્રી

વધુ વાંચો પાના નં : ૨ પર...

જ્ઞાનવૃદ્ધિ

જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.

www.gyanvrudhi.info

પાના નં. ૩ પર

રાજયમાં ટ્રાફીકનું ભારણ ઘટાડવા અને નાગરીકોના સમયની બચત માટે પ્રથમ તબક્કામાં રૂ.૪૮૭ કરોડ ના ખર્ચે ૧૦ નવા ફ્લાય ઓવર બનાવાશે : નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

વધુ વાંચો પાના નં : ૩ પર...

પાના નં. ૩ પર

ભારતીય રૂપિયાનુ ચિહ્ન ( ₹ ) કેવી રીતે નક્કી થયુ ?

જાણો...પાના નં : ૩ પર...

ચૂંટણી પહેલા મોદી સરકારે વચગાળાનાં બજેટમાં કરી આ મહત્વની જાહેરાતો

વધુ વાંચો પાના નં : ૩ પર...

પાના નં. ૩ પર

ગુજરાત હાઇકોર્ટે ચેક રિટર્ન થવાના મામલે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો

વધુ વાંચો પાના નં : ૩ પર...

મોદી સરકારની જાહેરાત બાદ આ ૮ બેન્કોમાં બમ્પર નોકરી, ૧૦% અનામતનો મળશે લાભ

વધુ વાંચો પાના નં : ૩ પર...

પાના નં. ૪ પર

અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

વધુ વાંચો પાના નં : ૪ પર...

પાના નં. ૪ પર

હવે નોકરીની ચિંતા છોડો સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ. એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો.

વધુ વાંચો પાના નં : ૪ પર...

# બૅંકની શરૂઆત કેવી રીતે થઈ તેનો દિલચશ્પ ઈતિહાસ...

બૅન્ક એ એક એવી નાણાકીય સંસ્થા છે જે થાપણો સ્વીકારે છે અને પછી તે થાપણોને ધિરાણની પ્રવૃત્તિઓમાં રોકે છે. આમ તો બૅન્ક પ્રાથમિકરૂપે ગ્રાહકોને નાણાકીય સેવા પૂરી પાડે છે છતાં સાથે સાથે તે રોકાણકર્તાઓને પણ સમૃદ્ધ કરે છે. સમયે સમયે અને સ્થળ અનુસાર બૅન્કની નાણાકીય ગતિવિધિઓ પરનાં સરકારના બંધનો બદલાતાં રહે છે. નાણાકીય બજારમાં બૅન્કો મહત્ત્વના ખેલાડી ગણાય છે અને તે ભંડોળનું રોકાણ અને વ્યાજે ઉધારે આપવા જેવી સેવાઓ આપે છે. જર્મની જેવા કેટલાક દેશોમાં, બૅન્કો ઐતિહાસિક રીતે ઔદ્યોગિક નિગમોમાં મોટો હિસ્સો ધરાવે છે, જયારે યુનાઈટેડ સ્ટેટ્સ જેવા દેશોમાં બૅન્કો માટે બિન-નાણાકીય કંપનીઓ ખરીદવી પ્રતિબંધિત છે. જાપાનમાં, બૅન્કો સામાન્ય રીતે કૈરેત્સુ(keiretsu) તરીકે ઓળખાતું ક્રોસ-શેર હોલ્ડિંગ ધરાવનાર અભિબંધનરૂપ માળખું છે. ફ્રાંસમાં, મોટા ભાગની બૅન્કો તેમના ગ્રાહકોને વીમા સેવાઓ (અને હવે રીયલ એસ્ટેટ સેવાઓ) આપતી હોવાથી ત્યાં બૅન્કની બાંહેધરી(bancassurance)નું પ્રચલન છે.

બૅન્કિંગ ઉદ્યોગ પરના સરકારનાં નિયમોનું સ્તર વ્યાપક રીતે બદલાતું જોવા મળે છે, જેમ કે આઈસલૅન્ડ જેવા દેશોમાં બૅન્કિંગ ક્ષેત્ર પર અન્યોની સાપેક્ષે હળવા નિયમનો છે, જયારે ચીન જેવા દેશોમાં તેના પર બહોળા પ્રકારનાં નિયમનો જોવા મળે છે, અલબત્ત તેના પરથી સામ્યવાદી વ્યવસ્થાતંત્રમાં અનુસરાતી કોઈ વ્યવસ્થિત પ્રક્રિયાનું તારણ કાઢી શકાતું નથી.

૧૪૦૭માં ઈટાલીના જિનોઆ ખાતે બૅન્કો દી સાન જિઓરજિઓ (સેન્ટ જયોર્જની બૅન્ક) નામે સૌથી પહેલી રાજય થાપણની બૅન્ક સ્થાપવામાં આવી હતી.ચ૧

બૅન્ક શબ્દની ઉત્પત્તિ

ઈટાલિયન શબ્દ banco "ડેસ્ક/બૅન્ચ" પરથી બૅન્ક શબ્દ ઉત્પત્તિ પામ્યો છે, રિનેસન્સ દરમ્યાન ડેસ્કની ઉપર એક લીલા ટેબલ-કલોથથી આવરીને પોતાની લેવડદેવડ કરવા માટે ટેવાયેલા યહૂદી ફલોરેન્ટાઈન શરાફો તે શબ્દ વાપરતા હતા. જો કે, બૅન્કની પ્રવૃત્તિઓના પુરાવાઓ પ્રાચીન સમયમાં સુદ્ધાં જણાઈ આવે છે.

ખરેખર તો, આ શબ્દનાં મૂળ છેક પ્રાચીન રોમન સામ્રાજય સુધી પહોંચે છે, જયાં નાણા ધીરનારા માસેલા (macella) નામે ઓળખાતા બંધ વાડાની વચ્ચોવચ bancu નામે ઓળખાતી એક લાંબી બૅન્ચ પર પોતાની નાનકડી, કામચલાઉ દુકાનો નાખતા, જેના પરથી બાન્કો અને બૅન્ક શબ્દ વ્યુત્પાદિત થયો છે. bancu ખાતે નાણા વટાવવા આવેલો વેપારી પોતાના નાણાનું ઝાઝું રોકાણ કરતો નહીં, પણ માત્ર વિદેશી ચલણને રોમમાં કાનૂની ગણાતા ચલણમાં ફેરવીને એટલે સમ્રાટની ટંકશાળના સિક્કામાં મેળવવા માટે તેનો ઉપયોગ કરતો, નાણા-બદલાવની પ્રવૃત્તિનો સૌથી જૂનો પુરાવો કાળા સમુદ્ર પર વસેલી પ્રાચીન હેલેનિક વસાહત ટ્રાપેઝુસના, આધુનિક ટ્રાબ્ઝોનના, ૩૫૦–૩૨૫ ઈ.સ. પૂર્વેના એક રૂપાના ડ્રેકમે સિક્કા પર ચિતરેલો જોવા મળે છે, જે લંડનના બ્રિટિશ સંગ્રાહાલયમાં મોજૂદ છે. સિક્કા પર શહેરના નામના શબ્દશ્લેષરૂપે સિક્કાઓથી લદાયેલું શરાફનું ટેબલ ટ્રાપેઝા દર્શાવવામાં આવ્યું છે. ખરેખર તો આજે પણ આધુનિક ગ્રીક શબ્દ ટ્રાપેઝા(Τράπεζα )-નો અર્થ ટેબલ અને બૅન્ક બંને થાય છે.

**ઈટાલિયન શબ્દ banco "ડેસ્ક/બેન્ચ" પરથી બૅન્ક શબ્દ ઉત્પત્તિ પામ્યો છે**

# નવીન વાહનની ખરીદી પર વાહન માલિક પોતાની પસંદગીની વીમા કંપની પાસેથી વીમો લઇ શકશે : વાહન વ્યવહાર કમિશનરશ્રી

મોટર વાહન અધિનિયમ મુજબ નાગરિકો જ્યારે નવું વાહન ખરીદે તે સમયે વાહન માલિક પોતાની રીતે, પોતાની પસંદગીની માન્ય વીમા કંપની પાસેથી વીમો મેળવી શકે છે. વાહન માલિક તરીકે ગ્રાહક કોઈપણ માન્ય કંપની પાસેથી વીમો લેવા સ્વતંત્ર છે. વાહનના ડીલર વાહન માલિક પાસે અમુક જ કંપનીનો વીમો લેવાનો આગ્રહ રાખી શકશે નહીં તેમ, વાહન વ્યવહાર કમિશનરશ્રી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

વાહન ખરીદનાર ગ્રાહકને અમુક જ વીમા કંપની પાસેથી વાહનનો વીમો લેવા કે તે રીન્યુ કરાવવા આગ્રહ રાખવો તે બાબત ગેરકાયદેસર છે અને ગ્રાહકો તરફથી આવી કોઈ ફરીયાદ મળશે તો તે અંગે જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેવા વાહન ડીલરોને વાહન વ્યવહાર કમિશનરશ્રી દ્વારા તાકીદ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, જ્યારે કોઈ વ્યક્તિ કોઈપણ પ્રકારનું નવું વાહન ખરીદે અથવા ખરીદેલું વાહન રીન્યુ કરાવવાનું થાય ત્યારે મોટર વાહન કાયદા હેઠળ વીમો લેવો ફરજિયાત છે.

**ચોક્કસ કંપની પાસેથી વીમો લેવાનો આગ્રહ કરનાર સામે કાર્યવાહી કરાશે**

# બોર્ડની પરીક્ષાઓ વખતે વિદ્યાર્થીઓમાં ચિંતા અને તણાવ કેવી રીતે ઓછા કરી શકાય ?

## ✍માતા-પિતા કે કુટુંબીજનોનો પરીક્ષા દરમ્યાન શો ફાળો હોઈ શકે ?

## ✍સારી વાંચનની પધ્ધતિ શું છે ?

બોર્ડની પરીક્ષાઓ આવતાની સાથે જ બાળકો અને તેના વાલીઓમાં ચિંતા અને તણાવના પ્રમાણમાં મોટા પાયે વધારો થઈ જાય છે. આવા તણાવ અને ચિંતાના કારણે બાળક પોતાનું ૧૦૦ ટકા નથી આપી શકતો, અને યોગ્ય પરિણામ મેળવી શકતો નથી. બાળકમાં આવી ચિંતા અને તણાવ સતત બનેલા રહે તો ઉદાસીનતાનો રોગ પણ આવી શકે છે. આ હદ સુધીની પરિસ્થિતિથી બચવા ચિંતા અને તણાવને યોગ્ય સમયે નિયંત્રણમાં લાવી દઈએ, યોગ્ય પરિણામલક્ષી આયોજન કરીએ. અને આ સમગ્ર પ્રક્રિયામાં જો માતા-પિતાનો હકારાત્મક સહયોગ મળી જાય તો બાળકને ખુબ જ ફાયદો થાય છે. સૌ પ્રથમ તો બાળકને બોર્ડની પરિક્ષા વખતે કેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેના વિશે સમજીએ.

### પરિક્ષાલક્ષી ચિંતાઓ

આવનારી પરીક્ષા અંગે ખુબજ ચિંતા થવી, મુલ્યાંકન થવાનો ડર, પરિણામો વિષેનો ડર, "બીજા લોકો મારા વિષે શું વિચારશે ?", "હું કરી શકીશ કે નહિં ?", "હું નિષ્ફળ થઈશ તો શું થશે ?" વગેરે જેવા સતત વિચારો

### જીવનશૈલીની સમસ્યાઓ

બાળકો વધુ પડતા તણાવના કારણે પોતાની જીવનશૈલીમાં ઘણા મોટા ફેરફારો કરી નાખે છે. જેનાથી તેઓ અજાણ હોય છે જેમ કે. (૧) પુરતો ખોરાક ન લેવો. (૨) પુરતો આરામ ન કરવો. (૩)કસરત નો અભાવ (૪)સમયનું અયોગ્ય આયોજન વગેરે.

### માહિતીનો અભાવ

બાળકોને અમુક ખોટી માહિતી અથવા માહિતીઓનો અભાવ હોય છે. જે બાળકને સમસ્યારૂપ બને છે. જેમ કે (૧)પરિક્ષાની માહિતીઓનો અભાવ. (૨)પરિક્ષાની તારીખ, સ્થળ વગેરેની માહિતીનો અભાવ. (૩) પરિણામલક્ષી આયોજનનો અભાવ (૪) ચિંતાને ઓછી કરવા માટે જરૂરી રીલેકસેશન ટેકનીકની જાણકારીનો અભાવ.

### ભણતરની ખોટી પધ્ધતિ

બાળકોનો ખોટી રીતે શિખેલી ભણતરની પધ્ધતિઓ અવળે પાટે ચડાવે છે જેમકે.. (૧) રાત-રાતભરના ઉજાગરા કરી વાંચવું. (૨) ગોખીને પાઠ્યપુસ્તક યાદ કરવું. (૩) સમજ્યા વગરનું વાંચન કરવું. (૪) પુનરાવર્તન ન કરવું. (૫) નાની નોટ્સ ન બનાવવી.

### મનોવૈજ્ઞાનીક બાબતો

અનેક મનોવૈજ્ઞાનીક સમસ્યાઓ બાળકોને પરીક્ષામાં યોગ્ય પ્રદર્શન નથી કરવા દેતું. અહીં કેટલીક મહત્વની સમસ્યાઓ જોઈએ. (૧) નકારાત્મક વિચારસરણી અને સ્વ-આરોપણ (પોતાની નીંદા કરવી) (૨) બીજા લોકો સાથેની સતત તુલના (૩)પરીક્ષા અને પરીક્ષાના પરીણામો અંગે અતાર્કીક વિચારણા કરવી. (૪) પરીક્ષા સ્થળ, તથા પરીક્ષા સમયના બોર્ડની પરીક્ષાઓ વખતે વિદ્યાર્થીઓમાં ચિંતા અને તણાવ કેવી રીતે ઓછા કરી શકાય ? સારી વાંચનની પધ્ધતિ શું છે ? માતા-પિતા કે કુટુંબીજનો નો પરીક્ષા દરમ્યાન શો ફાળો હોઈ શકે ? નિરીક્ષકો, આજુ- બાજુના વિદ્યાર્થીઓ તથા પરીક્ષાના વાતાવરણનો ડર. (૫) પોતાના માટે જરૂરીયાત કરતા વધુ અપેક્ષા

### -:: પરિક્ષાલક્ષી તણાવ અને ચિંતાને ઓછા કરવા માટે નીચેના ઉપાયો કરી શકાય. ::-

**(૧) આત્મવિશ્વાસ રાખો :-** એક વાત સમજી લો દરેક વ્યક્તિમાં પોતાની વિશિષ્ટ ક્ષમતા હોય છે, માટે પોતાની ક્ષમતા પ્રમાણે લક્ષ્યો બનાવી શકાય એટલી મહેનત કરો. તમે જો યોગ્ય પધ્ધતિથી અને યોગ્ય દિશામાં મહેનત કરશો તો નિષ્ફળ જવાનું કોઈ કારણ નથી. તમે જેવા છો, જે છો, એ સારા જ છો. પોતાના પર વિશ્વાસ રાખાવાથી ન આવડતું પણ યાદ આવી જશે. દા..ત. પરિક્ષા પહેલા એવું વિચારીએ કે "મને નહીં આવડે", "પરિક્ષા વખતે હું બધું ભુલી જઈશ તો ?" આ વિચારો સાથે તમે પરિક્ષામાં જશો તો ચોક્કસ નિષ્ફળ જશો. તમે જો યોગ્ય મહેનત કરી છે, તો તમે એવા વિચાર લાવી શકો "મેં બધુ વાંચેલું જ છે, તો મને બધું જ આવડવાનું છે.", "મારી યાદશકિત સારી છે.", "પરિક્ષામાં હું મારું બેસ્ટ આપીશ જ." વગેરે વિચારો કરવાથી ઘણીવખત પરીક્ષા વખતે તાત્કાલીક યાદ ન આવતા પ્રશ્નોના જવાબો "ચમત્કારીક રીતે" યાદ આવી જાય છે. આજ તો કમાલ છે, આત્મવિશ્વાસની.

**(૨) સંપુર્ણ બનવાની સાથે બીજા સાથે તુલના કરવાની કોશીશ ન કરો :-** તમે જે છો એ સારા જ છો. આગળ વાત કરી તેમ દરેક વ્યક્તિની એક સીમા હોય છે, આપણે આ સીમામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકીએ છીએ. શું દરેક બાળક પહેલો નંબર લાવી શકે છે ? બીલકુલ નહિં ! તો પછી પરિણામની ચિંતા ન કરો. દરેકમાં અલગ રસ-રૂચી અને યોગ્યતા હોય છે. કોઈ દિવસ બીજા સાથે તુલના ન કરો.

**(૩) સમસ્યાના સમાધાન માટે પગલા લેવા ::-** આપણે ઘણી સરસ મહેનત કરી હોવા છતાં અમુક વિષયમાં નબળા હોઈએ છીએ. આવે વખતે હિંમત હાર્યા વગર જે તે વિષયના શિક્ષક અને સહપાઠી પાસેથી જ્ઞાન લેવું જોઈએ, જેથી સમસ્યાનું સમાધાન ઝડપી બની શકે.

**(૪) ચોક્કસ સમયપત્રક બનાવવું ::-** પરિક્ષા માથે હોય ત્યારે સંપુર્ણ સમયપત્રક બનાવવું જરૂરી છે. વિદ્યાર્થી પોતે જ સમજી શકે છે કે તેને ક્યા વિષયમાં વધુ સમયની જરૂર છે. અને ક્યા વિષયમાં ઓછી, એ પ્રમાણે સમયપત્રક બનાવવું જોઈએ. આ સિવાય પુરતો આરામ, ખોરાક, કસરત, મનોરંજન વગેરે પણ સમયપત્રમાં સ્થાન આપવું જરૂરી છે. પોતાની વાંચન સામગ્રીવિષે પણ બાળકને સ્પષ્ટતા હોવી જોઈએ, શું વાંચવાનું છે ? કેટલું વાંચવાનું છે ? કેવી રીતે વાંચવાનું છે ? જો થોડા સમયમાં ઘણુંબધું મટીરીયલ્સ વાંચવાનું લક્ષ્ય રાખશો તો ચિંતામાં વધારો થશે.

**(૫) હકારાત્મક અને સ્વસ્થ જીવનશૈલીને અપનાવો ::-** વધુ પડતા વાંચનથી ખુબજ માનસીક અને શારીરિક થાકનો અનુભવ થાય છે. આવા થાકને ઓછો કરવા સ્વસ્થ જીવન શૈલી અપનાવવી જોઈએ જેમ કે. અ. દિવસમાં હળવી કસરતો માટે સમયગાળો હોવો જોઈએ. જેમાં હળવી દોડ, ચાલવું, સાઈકલીંગ અને યોગ કરી શકાય છે. બ. હકારાત્મક વિચારણા અને માન્યતા પર ચાલવું જોઈએ. ક. શરીરનું પુરતુ ધ્યાન રાખવું જોઈએ, પુરતો પોષ્ટીક આહાર લેવો જોઈએ, અને જંક ફુડ અને ફાસ્ટફુડથી બચવું જોઈએ. ડ. પુરતી ઉંઘ લેવી જોઈએ (૬ થી ૮ કલાક)

**(૬) પુરતી માહિતી મેળવી લેવી ::-** પરિક્ષાની પધ્ધતિ શું છે ? માર્ક અથવા ગ્રેડ કઈ રીતે આપવામાં આવે છે ? કેટલા સમયગાળામાં પેપર પુરું કરવાનું છે ? પરિક્ષા ક્યાં લેવાવાની છે. ? પરીક્ષામાં શું લઈ જવાનું છે, અને શું નથી લઈ જવાનું ? વગેરેની ચોક્કસ માહિતીઓ મેળવી લેવી જોઈએ. આ બધી માહિતી તમારી પાસે હશે અને તમે સ્પષ્ટ હશો તો વધારાની ચિંતા અને તણાવથી બચી શકશો.

**(૭) પરિક્ષા માટે પુર્વ તૈયારી ::-** પરિક્ષા માટે પહેલાથી પુર્વ તૈયારી કરી લઈએ તો આપણને અંદાજ આવી શકે છે કે કેટલા સમયમાં કેટલું લખવું ? કેવી રીતે લખવું ? શું લખવું અને શું ન લખવું ? ક્યા પ્રશ્નો મહત્વના છે, અને ક્યા પ્રશ્નો મહત્વના નથી. અભ્યાસક્રમનો કયો ભાગ વધુ મહત્વનો છે ? વગેરે વિષે અંદાજ આવી જાય છે. આવીમાહિતિઓ આપણને આગળની રણનિતિ નક્કી કરવામાં મદદરૂપ બને છે.

**(૮) પુનરાવર્તન ને પુરતો સમય આપવો ::-** વાંચનનું યોગ્ય આયોજન કરવું બહું જરૂરી છે. બીન જરૂરી અને કોર્ષ બહારની માહિતીઓના વાંચનથી બચવું જોઈએ. દરેક વિષયને પુનરાવર્તન માટે યોગ્ય સમય આપવો જોઈએ.

**(૯) વાંચન એકધારૂ ન કરતા વચ્ચે-વચ્ચે બ્રેક લેવો જોઈએ ::-** વાંચન એકધારૂ કરવાથી તણાવમાં અને થાકમાં વધારો થાય છે. શક્ય હોય તો એકધારૂં ૧ કલાક થી વધારે વાંચન ન કરવું જોઈએ ! કલાક પછી ૨ થી ૫ મીનીટનો આરામ કરી, વળી પાછા ૧ કલાકનું વાંચન કરવું જોઈએ. અભ્યાસક્રમ અને વાંચન વિષય પણ એવો નક્કી કરવો જોઈએ જે ૧ કલાકમાં પુરો થઈ જાય સતત એક જ વિષય ન વાંચતા બે-ત્રણ વિષય સાથે વાંચવાથી રસ જળવાઈ રહે છે.

જ્ઞાનવૃદ્ધિ

જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો
તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.
www.gyanvrudhi.info

રાજયમાં ટ્રાફીકનું ભારણ ઘટાડવા અને નાગરીકોના સમયની બચત માટે પ્રથમ તબક્કામાં

# રૂ.૪૮૭ કરોડના ખર્ચે ૧૦ નવા ફ્લાય ઓવર બનાવાશે : નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે. કે રાજયમાં આંતર માળખાકીય સવલતોનો વ્યાપ વધે તે માટે માર્ગ મકાન વિભાગ દ્વારા સમય બધ્ધ આયોજન કરાયુ છે. જેના ભાગ રૂપે પ્રથમ તબક્કામાં આગામી સમયમાં રૂ.૪૮૭ કરોડ ના ખર્ચે નવા ૧૦ ફ્લાય ઓવર બનાવવામાં આવશે.

શ્રી પટેલે ઉમેર્યુ કે રાજ્યમાં માર્ગ સુવિધાના કામો ક્ષેત્રે રાજ્ય સરકારે ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. હયાત માર્ગોને પહોળા કરવા, કાચા માર્ગોને પાકા બનાવવા તથા ચાર-માર્ગીય રસ્તા ઉપર આવતા જંકશનો ઉપર ફ્લાય ઓવર બનાવવામાં આવશે. જે હેઠળ ઉત્તર-મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના મુખ્ય માર્ગો પર આ ફ્લાય ઓવર બનશે.

આ અંગે વધુ વિગતો આપવા શ્રી પટેલે ઉમેર્યુ કે ટ્રાફીકના પ્રશ્નોના નિવારણ સંદર્ભે ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જે ફ્લાય ઓવરના કામો હાથ ધરાનાર છે તેમાં

(૧) આણંદ કરમસદ હાઈવે ઉપર બોરસદ ખાતે રૂ.૪૫ કરોડના ખર્ચે,

(૨) સિધ્ધપુરના દેથલી ચાર રસ્તા પર રૂ.૩૫ કરોડ ના ખર્ચે,

(૩) પાટણ ના નવજીવન હોટલના ચાર રસ્તા પર રૂ.૨૭ કરોડ ના ખર્ચે,

(૪) ભુજ-લખપત રોડ ઉપર રૂ.૩૬ કરોડ ના ખર્ચે બે ફ્લાય ઓવર

(૫) મહેસાણા ના મોઢેરાના ચાર રસ્તા ઉપર રૂ.૧૧૦ કરોડ ના ખર્ચે,

(૬) સુરત-કડોદરા રોડ ઉપર કડોદરા જંકશન ખાતે રૂ.૧૧૦ કરોડ ના ખર્ચે,

(૭) સૌરાષ્ટ્ર રાજકોટ જામનગર રોડ પરના માધાપર જંકશન પર રૂ.૬૦ કરોડના ખર્ચે,

(૮) ગાંધીનગર-અમદાવાદ રોડ ઉપર ધોળાકુવા ખાતે રક્ષા શક્તિ સર્કલ ઉપર રૂ.૫૦ કરોડ ના ખર્ચે

(૯) ગાંધીધામ ટાકોર રોડ ઉપર રૂ.૧૭ કરોડ ના ખર્ચે ફ્લાય ઓવર બનાવવામાં આવશે.

આગામી સમયમાં પણ રાજયના વિવિધ વિસ્તારોમાં નાગરિકોની સગવડ માટે તેમજ ટ્રાફીકની સમસ્યાના નિવારણ માટે જરૂરીયાત મુજબ નવા ફ્લાય ઓવર બનાવવાનું પણ રાજ્ય સરકાનું આયોજન છે અને વધુ નવા ઓવરબ્રીજો ની ટુંક સમયમાં મંજુરી આપવામાં આવશે.

# ભારતીય રૂપિયાનુ ચિહ્ન (₹) કેવી રીતે નક્કી થયુ ?

₹ એ ભારતના રૂપિયા માટે વપરાતું સત્તાવાર ચિહ્ન છે.

આ ચિહ્ન ભારતમાં એક સ્પર્ધા દ્વારા પસંદ કરવામાં આવેલ છે. ૧૫ જુલાઈ, ૨૦૧૦ ના રોજ ભારત સરકાર દ્વારા આ ચિહ્ન ભારતીય જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યુ હતું.ચ૧ૃ આ ચિહ્ન દેવનાગરી - "र" અને લેટીન "R" નાં મિશ્રણથી બનાવવામાં આવેલ છે. ૧૦ ઓગસ્ટ ૨૦૧૦ના રોજથી ભારતીય રૂપિયાનું આ ચિહ્ન યુનિકોડ અક્ષર સમૂહમા U+20B9 સ્થાન ધરાવે છે.

આ પહેલા ભારતીય રૂપિયા માટે Rs અથવા Re અથવા ભારતીય ભાષામાં રૂ. જેવા ચિહ્નો વપરાતા હતા.

# ચૂંટણી પહેલા મોદી સરકારે વચગાળાનાં બજેટમાં કરી આ મહત્વની જાહેરાતો

- ઉજ્જવલા યોજના હેઠળ ૮ કરોડ ગેસ કનેક્શન આપીશું
- શ્રમિકોના મોત પર હવે ૨.૫ લાખ રૂપિયાને બદલે ૬ લાખ રૂપિયા વળતર
- ગ્રેજ્યુટીની સીમાને ૧૦ લાખથી વધારીને ૨૦ લાખ કરવામાં આવી
- ગૌહત્યાને લઈ બજેટમાં મોટી જાહેરાત , શરૂ થશે રાષ્ટ્રીય કામધેનુ યોજના
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાને મંજૂરી આપવામાં આવી છે
- મનરેગા માટે ૨૦૧૯-૨૦માં ૬૦ હજાર કરોડ રૂપિયા આપવાની જોગવાઈ
- હરિયાણીને ભેટ: ૨૨મી એઇમ્સની સ્થાપના હરિયાણામાં કરવામાં આવશે
- દોઢ લાખ સુધીના રોકાણ પર કોઈ ટેક્સ નહીં
- સ્ટાન્ડર્ડ ડિડક્શન ૪૦ હજારથી વધારીને ૫૦ હજાર થયો
- ટેક્સ છૂટથી ૩ કરોડ મિડલ ક્લાસ લોકોને ફાયદો થશે
- ૫ લાખ રૂપિયા સુધી વાર્ષિક કમાનારાઓને ટેક્સ નહીં ભરવો પડે
- ૪૦ હજાર સુધીના વ્યાજ પર TDS નહીં લાગે
- ભારત ૮ વર્ષમાં ૧૦ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનશે
- ન્યૂ ઈન્ડિયામાં ઇલેક્ટ્રિક વ્હીકલમાં લોકો મુસાફરી કરશે
- આગામી ૫ વર્ષમાં ૫ ટ્રિલિયનની અર્થવ્યવસ્થા બનશે ભારત
- નોટબંધી બાદ ૧ કરોડ લોકોએ પહેલીવાર ટેક્સ આપ્યો
- ઘર ખરીદનારા પર જીએસટીનો ભાર ઓછો કરવાનો પ્રયાસ
- મુદ્રા યોજના હેઠળ ૧૫.૫૬ કરોડ લાભાર્થીઓને ૭.૨૩ લાખ કરોડની લોન અપાઈ
- નવી કંપનીઓએ ૨૫ ટકા કોર્પોરેટ ટેક્સ આપવો પડશે
- ૨૪ કલાકમાં IT રિટર્નની પ્રોસેસ પૂરી થશે , ટેક્સ મૂલ્યાંકન માટે ઓફિસ નહીં જવું પડે
- ટેક્સ આપનારા લોકોની સંખ્યા ૮૦ ટકા વધી
- ફિલ્મ શૂટિંગ માટે હવે સિંગલ વિન્ડોની વ્યવસ્થા
- ૩૪ કરોડ જનધન ખાતા ખોલાયા , આધારથી વચેટિયાને હટાવ્યા
- ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર ગેમ ચેન્જર સાબિત થયું
- આગામી પાંચ વર્ષમાં ૧ લાખ ડિજિટલ ગામ બનશે
- સૌર ઉર્જા ક્ષેત્રમાં ૧૦ ટકાનો વધારો થયો
- હાઈવે નિર્માણ ભારતમાં સૌથી ઝડપી , રોજ ૨૭ કિમી હાઈવેનું નિર્માણ
- રેલવે યાત્રા સુરક્ષિત , બ્રોડગેજ પર હાલ માનવરહિત ક્રોસિંગ દૂર કર્યા
- દુનિયામાં સૌથી વધુ હાઈવે ભારતમાં બની રહ્યા છે
- પહેલીવાર ૩ લાખ કરોડની પાર કર્યું રક્ષા બજેટ
- પીએમ શ્રમયોગી માનધન યોજનાની જાહેરાત
- મુદ્રા યોજના હેઠળ ૫ કરોડ રૂપિયાથી વધુની લોન આપવામાં આવી

# મોદી સરકારની જાહેરાત બાદ આ ૮ બેન્કોમાં બમ્પર નોકરી, ૧૦% અનામતનો મળશે લાભ

## મોદી સરકારે રોજગારને વધારવા માટે વધુ આઠ બેન્કોને પીએસીએથી બહાર કરવાનો ઈશારો કર્યો છે.

લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકારે પોતાનું અંતરિમ બજેર રજૂ કર્યું છે. બજેટમા નાણાંમંત્રી પીયુષ ગોયલે જે પ્રકારે યોજનાઓને લીલીઝંડી આપી છે. એ પ્રકારે નક્કી છે કે, આવનારા સમયમાં બમ્પર નોકરી ઊભી થશે. મોદી સરકારે રોજગારને વધારવા માટે વધુ આઠ બેન્કોને પીએસીએથી બહાર કરવાનો ઈશારો કર્યો છે. મોદી સરકારના આ નિર્ણયથી બેન્ક પોતાની શાખાઓ વધારી શકશે. બેન્કોની શાખાઓ વધવાની સાથે જ બમ્પર નોકરીઓ ઊભી થશે. અને બેરોજગારોને નોકરી મળશે.

નાણામંત્રી પીયુષ ગોયલે જણાવ્યું હતું કે, આરબીઆઈ (રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા)એ બેન્ક ઓફ ઈન્ડિયા, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, ઓબીસી (ઓરિયેન્ટલ બેન્ક ઓફ કોમર્સ)ને પીએસીએ (પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન)માંથી પહેલાથી જ બહાર રાખી છે. હવે અમે વધુ આઠ બેન્કોને આનાથી બહાર કરીશું. જેનો ફાયદો સીધી રીતે રોજગારને વધારો મળશે. ઉલ્લેખનીય છે કે, આ સરકારી બેન્કોને આરબીઆઈએ પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન (PCA) અંતર્ગત લાવી દીધી હતી. પીએસીએમાં સામેલ બેન્કોની હાલત જ્યાં સુધી નહીં સુધરે કે ત્યા સુધી આ કોઈ નવી લોન નહીં આપી શકે.

હવે આ બેન્કોને પીસીએમાંથી બહાર થવા પર ગ્રાહકોને ભલે કોઈ અસર નહીં થાય. આ બેન્ક પોતાની શાખાઓનો વિસ્તાર કરી શકશે. સાથે જ નવી ભરતીઓ પણ શરૂ કરશે. આમ રોજગારની નવી તકો મળશે. કોઈ બેન્ક પીસીએમાં રાખવામાં આવતા તેના ગ્રાહકોને કોઈ ચિંતા કરવાની જરૂર નથી હોતી. કારણ કે આરબીઆઈના બાસેલ માપદંડ અનુસાર બેન્કો નાણાકિય સ્થિતિને સારી રાખવા માટે પીસીએ ફ્રેમવર્ક બનાવે છે. જેનાથી બેન્ક પોતાના નાણાંનો સદઉપયોગ કરી શકે છે અને જોખમનો સામનો કરવા માટે તૈયાર રહે છે.

# ગુજરાત હાઇકોર્ટે ચેક રિટર્ન થવાના મામલે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો,

ગુજરાત હાઈકોર્ટે ચેક રિટર્ન થવાના મામલે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો, ચેક રિટર્ન થવાના સંજોગોમાં સામેના પક્ષને પણ રજૂઆત કરવાની તક મળશે.

ચેક રિટર્ન થવાના કેસમાં અગાઉ જે વ્યક્તિનો ચેક રિટર્ન થયો હોય તેના પર સીધી ફરિયાદ થતી હતી અને તેમનો પક્ષ સાંભળવામાં આવતો નહોતો. જોકે, હવે આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. ચેક રિટર્ન થવાના મામલે યોજાયેલી સુનાવણીમાં જસ્ટિસ જે બી પારડીવાળાની ખંડપીઠે ચુકાદો સંભળાવતા જણાવ્યું હતું કે હવે ચેક રિટર્ન થવાના કેસમાં આરોપીઓ પણ સોગંધનામું કરી શકશે.

ખંડપીઠે ચુકાદો આપતા ઠેરવ્યું છે કે ચેક રિટર્ન થનારા આરોપીઓને રજૂઆત કરવાની તક મળશે. આરોપીઓ કલમ ૧૪૫ પ્રમાણે સોગંદનામું રજૂ કરી શકશે. કોર્ટે આ જોગવાઈને માન્ય રાખી હતી.

શું છે કાયદો? કાયદા મુજબ જો કોઈ વ્યક્તિનો ચેક બાઉન્સ થાય તો ચેક રિટર્ન થયાના આરોપીને તાત્કાલીક ૨૦ ટકા રકમ ચુકવવાની જોગવાઈ છે. વર્ષ ૨૦૧૮માં લાગુ થયેલા નવા બીલ મુજબ ચેક બાઉન્સ થવાના સંજોગોમાં બે વર્ષની સજાની પણ જોગવાઈ છે. જોકે, ગુજરાત હાઈકોર્ટના ચુકાદાથી હવે જેમનો ચેક રિટર્ન થયો હોય તેમને પોતાનો પક્ષ રજૂ કરવાની તક મળશે.

૧૪ પ્રકારના ક્ષેત્રોમાંથી કમાવા માંગો છો ?
જો હા... તો... વિઝીટ કરો.

www.rupiyakamao.com

## 'જ્ઞાનવૃદ્ધિ' સામયિકનો ઉપયોગ કેવી રીતે કરશો ?



(૧) તમને મળતા 'જ્ઞાનવૃદ્ધિ'ના તમામ અંકોને એક ફાઈલમાં ભેગા કરવા.
(૨) જે તે વિષયની માહિતી કે જાણકારીને ક્રમમાં ગોઠવીને વાંચવી.
(૩) જો કોઈ વખત તમને આ જ્ઞાનવૃદ્ધિ સામયિક તમને ન મળે તો 'જ્ઞાનવૃદ્ધિ' ની વેબસાઈટ પરથી પણ તમે જોઈ શકશો.
(૪) જ્ઞાનવૃદ્ધિ સામયિકને તમે મોબાઈલમાં પણ જોઈ શકાશે.

www.gyanvrudhi.info

# હવે નોકરીની ચિંતા છોડો

## સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ.

## એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો

**૧૪ ગ્રાફિક્સ અને એનિમેશનના સોફ્ટવેર-એપ્લીકેશન તથા ૧૨ સપોર્ટેડ સોફ્ટવેર શીખવાની તક.**

### કોર્સના મુખ્ય ફાયદા :

૧.એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર, શરૂઆતનો પગાર રૂા. ૧૨,૦૦૦/-.
૨.લાયસન્સ વર્ઝન સોફ્ટવેર પર પ્રેક્ટીશ.
3.હાઈ-કન્ફીગ્યુરેશનવાળી કોમ્પ્યુટર સીસ્ટમ. અધતન ટેક્નોલોજી ધરાવતા સાધનો.
૪.અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન.
૫.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૧૦% વધારો મળશે.
૬.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૫% કમિશન મળશે.
૭.પ્રથમ 30 વિદ્યાર્થીને પ્રોફીટ શેરીંગનો લાભ.
૮.પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો સ્ટુડિયો સેટ-અપ.

### કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.કોલેજ કરતા વિદ્યાર્થીઓ
૨.ગૃહિણીઓ
3.નોકરી કરવાની ઈચ્છા ધરાવતા તમામ.
૪.પોતાનો નવો ધંધો-વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તમામ.
૫.આઈ.ટી.આઈ, સાયન્સ, કોમર્સ,આર્ટસ, મેડીકલ, એન્જીનીયરીંગ કરતા તમામ.

કોર્સમાં જોડાવાની લાયકાત :
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ.

## વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161

# અભિનેતા બની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

## અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક.


**જ્ઞાનવૃદ્ધિ** એટલે...

જ્ઞાનની સાથે આપના ધંધા-વ્યવસાયની જાહેરાત કરવાનું અસરકારક માધ્યમ

આ પુસ્તિકા વિનામુલ્યે દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે જે ૨૫,૦૦૦થી પણ વધારે વાચકો સુધી પહોચશે જેના દ્વારા આપના ધંધા-વ્યવસાયની માર્કેટીંગ અને પબ્લીસીટીની વ્યુહરચનાને વધુ અસરકારક બનાવે છે.

વેબસાઈટ પર પણ તમારી જાહેરાત

નાના બાળકોથી લઈને વડીલોને પણ ઉપયોગમાં આવે તેવી માહિતી તથા માર્ગદર્શન આ પુસ્તિકાને જીવીત રાખશે.

જયારે જયારે વાચક આ પુસ્તિકા વાંચશે ત્યારે તેમની નજર આપના ધંધા–વ્યવસાયની જાહેરાત પર પણ પડશે.

લાંબાગાળા સુધી આપની જાહેરાત ટકાવી રાખવા માટે

જાહેરાત માટે સંપર્ક : 8306781161


### કોર્સના મુખ્ય ફાયદા :

૧. એસોસીએટ ફર્મની એડફિલ્મમાં વિવિધ રોલ ભજવી કુલ ૨૮ એડફિલ્મોમાં લીડિંગ રોલ.
૨. ૨૮ એડફિલ્મો બાદ કાર્પોરેટ એડફિલ્મોમાં લીડિંગ રોલ - દરેક એડફિલ્મ દીઠ રૂા. ૧૦,૦૦૦/-.(બે વર્ષનો એગ્રીમેન્ટ)
૩. એસોસીએટ ફર્મના પેમ્ફલેટ તથા જાહેરાતોમાં તમારો ચહેરો છપાશે .
૪. એસોસીએટ ફર્મના સ્ટેજ શો તથા પ્રમોશનલ એક્ટીવીટીમાં એન્કરીંગ કરવાની તક. (પ્રથમ ૩ શો વિનામૂલ્યે ત્યારબાદ દરેક શો ના રૂા. ૧૦,૦૦૦/- મળશે.)
૫. કોઈ વિદ્યાર્થી રેફર કરો તો ૫% કમિશન મળશે.
૬. પ્રોફીટ શેરીંગનો લાભ.
૭. પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો એક્ટીંગ સ્ટુડિયો સેટ-અપ.

## વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161


**GYAN VRUDHI, DATE : 7-FEBRUARY-2019, THURSDAY, YEAR : 3, VOLUME : 1, ISSUE : 57, TOTAL PAGES : 4.**
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : HEMANT Y. JOSHI, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED AT : 3519, AMBAJIMATANO PACHHAL NO VISTAR, NANI BHAGOL, AT & PO : PRANTIJ, TALUKA : PRANTIJ, 383205. DIST : SABARKANTHA. GUJARAT.